સ્તોત્ર રત્નાવલિ

(ભાવાનુવાદ સહિત)

ડો. દેવવલ્લભ સ્વામી
(M.A,B.Ed.,Ph.D.,વેદાંત,દર્શન, સાહિત્યાચાર્ય)

શ્રી સહજાનંદ ગુરુકુળ
મુ.તા. ખાંભા,જિ.અમરેલી
ફોન : (૦૨૭૯૭) ૨૬૦૬૪૭

આવૃત્તિ : ત્રીજી શરદપૂર્ણિમા, ૨૦૧૫
પ્રત : ૨૧૦૦
સેવામૂલ્ય : રૂ. ૨/ (ફક્ત બે રૂપિયા)
પ્રિન્ટીંગ : ત્રિશૂલ ઓફસેટ,અમદાવાદ

પ્રાસ્તાવિક...

મનુષ્યમાત્રનું જીવન ત્રિવિધ દુઃખોથી ઘેરાયેલું છે.ડગલેને પગલે કોઈને કોઈ સમસ્યાઓ ઊભી થાય છે. તેની નિવૃત્તિ થાય તેવા ચાર સ્તોત્ર અત્રે લીધા છે.

રોગ, શત્રુ, દરિદ્રતા, ભૂત-પ્રેત-પિતૃ કે વ્યાવહારિક કોઈપણ પ્રકારની મુશ્કેલી આવે ત્યારે અથવા ઇચ્છિત સુખ મેળવવા શ્રદ્ધાપૂર્વક આ સ્તોત્રોનો પાઠ કરવાથી ચોક્કસ ફળ મળે છે.

'જનમંગળ' સ્તોત્રથી ધર્મ,અર્થ,કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થની સિદ્ધિ તથા ભગવત્પ્રસન્નતા મળે છે.

નારાયણકવચ શત્રુના ભયની નિવૃત્તિ માટે છે.

હનુમત્સ્તોત્ર ભૂત-પ્રેતાદિકના ભયની નિવૃત્તિ માટે અને ગણપતિ સ્તોત્ર સંકટના નિવારણ માટે છે.

ભગવાનની મૂર્તિ આગળ ઘીનો દીવો કરી પાઠ કરવાથી ધાર્યુ ફળ મળે છે.લેખન પ્રકાશનમાં મદદરુપ થનાર સૌનુ ભગવાન ભલુ કરે.

લી. શા.દેવવલ્લભદાસના
હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ

અનુક્રમણિકા....

ક્રમ નામ	પાનુ
૧. જનમંગલસ્તોત્રમ્...	૦૫
૨. જનમંગલ નામાવલિ...	૨૦
૩. નારાયણ કવચમ્...	૨૮
૩. હનુમત્ સ્તોત્રમ્...	૪૬
૪. હનુમાન ચાલીસા...	૫૦
૫. ગણપતિ સ્તોત્રમ્...	૫૭
૬. શ્રી પુરુષોત્તમયોગ...	૫૯
૭. ભક્તચિંતામણી પ્રકરણ ૧૪૨	૬૨
૮. શ્રીજી બાવની...	૭૨
૯ અમારા પ્રકાશનો...	૭૮

જનમંગલસ્તોત્રમ્

નમોનમઃ શ્રીહરયે, બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માઙ્ગજાતાય, ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગંધપુષ્પહારાદ્યૈર્વિવિધૈરુપહારકૈઃ ।
સંપૂજિતાય ભકતૌધૈઃ સિતાંબરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં, ચતુર્વર્ગમ્ભીપ્સતામ્ ।
સદ્યઃ ફલપ્રદં નૃણાં, તસ્યવક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥
અસ્યઃ શ્રીજનમંગલાખ્યસ્ય, શ્રી હર્યષ્ટોત્તરશતનામ સ્તોત્રમન્ત્રસ્ય શતાનન્દ ઋષિઃ । અનુષ્ટુપ્છંદઃ । ધર્મનંદનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્ । બૃહદ્વ્રતધર ઈતિ શકિતઃ । ભકિતનન્દન ઈતિ કીલકમ્ । ચતુર્વર્ગસિદ્ધર્થે જપે વિનિયોગઃ ॥

॥ અથ ધ્યાનમ્ ॥

વર્ણિવેષરમણીયદર્શનં,
મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા,
ધર્મનંદનમહં વિચિન્તયે ॥૪॥
શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો, નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોઽજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥૫॥
હરિકૃષ્ણો ઘનશ્યામો, ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો, રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ ।
જિતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલાપ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિતઃ ॥૮॥
ક્ષમાનિધિઃસદોન્નિદ્રો, ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃસ્વતંત્રશ્ચ,બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥

પાષંડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિર્નિર્દોષોઽસુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયન, ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥૧૧॥
અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃસમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપોનિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસમ્પોષકોવાગ્મી, ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા, બુદ્ધિદાતાઽતિપાવનઃ ।
અબુદ્ધિહૃત્બ્રહ્મધામદર્શકશ્ચાપરાજિતઃ ॥૧૫॥
આસમુદ્રાન્તસત્કીર્તિઃ, શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ, સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥
કન્દર્પદર્પદલનો, વૈષ્ણવક્રતુકારકઃ ।

પંચાયતનસન્માનો, નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃ સત્યપ્રતિજ્ઞોભક્ત વત્સલઃ ।
અરોષણોદીર્ઘદર્શી, ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥
નિરહંકૃતિરદ્રોહ, ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાનગુરુઃ ॥૧૯॥
અજાતવૈરી નિલોર્ભો, મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો, વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥
મનોનિગ્રહયુક્તિજ્ઞો, યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ, પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રુપ, નાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥
ઈત્યેતત્પરમં સ્ત્રોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તેન પઠિતં, ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥
યઃ પઠેચ્છૃણુયાદ્ભકત્યા, ત્રિકાલં શ્રાવયેચ્ચવા ।
એતતસ્ય તુ પાપાનિનશ્યેયુઃ કિલસર્વશઃ ॥૨૪॥

એતત્ત્સંસેવમાનાનાં, પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિકિમપિ હરિકૃષ્ણ પ્રસાદતઃ ॥૨૫॥
ભૂતપ્રેતપિશાચાનાં, ડાકિનીબ્રહ્મરાક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો, રોગશ્ચાન્યોપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય, નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટંસુખંભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદંતતઃ ॥૨૮॥

॥ ઈતિ જનમંગલસ્તોત્રમ્ સમાપ્તમ્ ॥

જનમંગલ સ્તોત્રનો ભાવાનુવાદ

સદ્‌બુદ્ધિ આપનારા, દયાનાસાગર, ભક્તિધર્મથી પ્રગટ થયેલા, કલ્પવૃક્ષની જેમ ભકતોના મનોરથો પૂર્ણ કરનારા, દેશદેશાંતરથી આવેલા ભક્તોના સમુદાયે સુગંધી ચંદન,

ફૂલહાર, વિવિધપ્રકારના વસ્ત્રાભૂષણો વગેરેથી સારી રીતે પૂજેલા, શ્વેતવસ્ત્રો ધારણ કરનારા એવા ભગવાન શ્રીહરિને હું (શતાનંદમુનિ) નમસ્કાર કરું છું.મનુષ્યોની ઈચ્છા પ્રમાણે ચારેય પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) રૂપી ફળને તત્કાળ આપનારુ શ્રીહરિના ૧૦૮ નામવાળા સ્તોત્ર હું કહું છું. (૩)શ્રીહરિના ૧૦૮ નામવળા આ 'જનમંગલ' સ્તોત્રના દૃષ્ટા શતાનંદ સ્વામી છે. આ સ્તોત્રનો છંદ અનુષ્ટુપ છે. આ સ્તોત્રના દેવતા ધર્મનંદન શ્રીહરિ છે. આ સ્તોત્રના બીજરૂપે ધાર્મિક (શ્રીહરિ) છે. આ સ્તોત્રના આધારરૂપ ભક્તિનંદન શ્રીહરિ છે. ચારેય પુરુષાર્થની સિદ્ધિ માટે આ સ્તોત્રનો પાઠ કરવો.નૈષ્ઠિક બ્રહ્મચારીના જેવી સૌમ્ય વેષભૂષાવાળા, રમણીય, મંદમંદ હાસ્યથી શોભાયમાન મુખકમળવાળા, શ્રેષ્ઠ

આકૃતિવાળા, દેવતાઓ અને મનુષ્યોએ ભાવપૂર્વક પૂજેલા એવા ધર્મનંદન શ્રીહરિનું હું ધ્યાન કરું છું. (૪)

સ્તોત્ર : અપાર શોભાથી યુક્ત અવિનાશી સ્વરૂપવાળા, જીવપ્રાણીમાત્રના અંતર્યામી, નર-નારાયણરૂપે પ્રગટેલા, અપ્રતિહત ઐશ્વર્યવાળા, ભક્તિધર્મથી પ્રગટ થયેલા, જન્મમરણરહિત, અનાદિ સિદ્ધ દિવ્ય સ્વરૂપવાળા, કૃષ્ણાદિ અવતારો ધારણ કરનારા, સાક્ષાત્ પરબ્રહ્મ નારાયણ, પોતાનો આશ્રય કરનારના સમગ્ર કષ્ટને દૂર કરનારા (૫), બાલ્યાવસ્થામાં અસુર પરાભવ વગેરે દિવ્યલીલાઓ કરી સ્વજનોના મનને આકર્ષિત કરનારા, નવીનમેઘ સમાન શ્યામ શરીરવાળા, વેદોક્ત સદ્‌ધર્મનું પાલન કરનાર અને કરાવનારા, ભક્તિદેવીને આનંદ આપનારા,

નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરનારા, સ્વયં શુદ્ધ સ્વરૂપવાળા અને પોતાના આશ્રિતોને શુદ્ધ કરનારા, રાધાકૃષ્ણને ઈષ્ટદેવરૂપે પૂજનારા, (૬) હનુમાનજીને અત્યંત વહાલા, કાલિકા, ભૈરવ વગેરે તામસી દેવોને અત્યંત ભય ઉપજાવનારા, સર્વ ઈન્દ્રિયોને કાબુમાં રાખનારા, જરૂર પૂરતું જ ભોજન કરનારા, તીવ્રવૈરાગ્યવાળા, વેદાદિ સત્શાસ્ત્રો અને પરમેશ્વરમાં દૃઢ શ્રદ્ધા રાખનારા (૭) યોગસિદ્ધ મહાત્માઓને ઈષ્ટફળ આપનારા, યોગકળાની પ્રવૃત્તિ કરાવનારા, અત્યંત ધીરજવાળા, જીવ-ઈશ્વરના સ્વરૂપને યથાર્થ જાણનારા, સંસારથી સર્વથા નિર્લેપ (પરમહંસ જેવું) જીવન જીવનારા, તીર્થયાત્રા કરનારા, તીર્થવાસિઓએ પૂજેલા, (૮) ક્ષમાના સાગર જેવા,નિદ્રાને જીતનારા,ધ્યાનયોગમાં દૃઢ

સ્થિતિવાળા, તપ કરવામાં અતિ ઉત્સાહવાળા, સિદ્ધોએ ઈશ્વર તરીકે પૂજેલા, સ્વતંત્ર રીતે કાર્યકરનારા, બ્રહ્મ વિદ્યાની પ્રવૃત્તિ કરનારા (૯) પાખંડ ધર્મોનું ખંડન કરવામાં ચતુર, પોતાના આત્મસ્વરૂપમાંજ દઢસ્થિતિવાળા, કામક્રોધાદિક દોષોથી રહિત, આસુરી સ્વભાવના ગુરુઓ-રાજાઓ વગેરેને મોહ ઉપજાવનારા (૧૦) અત્યંત કરુણામય દષ્ટિવાળા, ઉદ્ધવ સંપ્રદાયનો પ્રચાર કરનારા, સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય વગેરે મહાવ્રતોનું પાલન કરનાર અને કરાવનાર, સત્શાસ્ત્રો અને સત્પુરુષોને માન્ય આચારવિચારવાળા, સાધુ-બ્રાહ્મણોને ભાવપૂર્વક પૂજનારા (૧૧) હિંસા રહિત યજ્ઞનું પ્રતિપાદન કરનારા, સગુણ-સાકાર બ્રહ્મનો ઉપદેશ આપનારા, જીવપ્રાણીમાત્રના નિયંતા સાક્ષાત્

પરબ્રહ્મસ્વરૂપ, પોતાના આશ્રિતોનું રક્ષણ કરનારા, દેશ-કાળજન્ય (કળિયુગના) દોષો ટાળનારા (૧૨) સત્શાસ્ત્રોનું નિયમિત સેવન (પઠન-પાઠન) કરનાર-કરાવનારા, યોગક્રિયાના અભ્યાસ વિના પણ તુરંત સમાધિ કરાવનારા, ભગવાનના અવતાર સ્વરૂપોની મૂર્તિઓનું સ્થાપન કરનારા, કૌલમાર્ગ, વામમાર્ગ, શક્તિપંથ વગેરેનું ખંડન કરનારા, કળિયુગ રૂપી સાગરથી ઉદ્ધાર કરનારા (૧૩) તેજોમય દિવ્ય સાકાર સ્વરૂપવાળા, દંભરહિત જીવન જીવનારા, જીવ-પ્રાણીમાત્રનું હિત કરનારા, ભક્તિમાર્ગનું સારી રીતે પોષણ કરનારા, સત્ય, પ્રિય અને હિતકારી વાણી બોલનારા, ધર્મ, અર્થ, કામ અનો મોક્ષરૂપી ચારેય પુરુષાર્થનું ફળ આપનારા (૧૪) મત્સર (અદેખાઈ) વગેરે દોષોથી રહિત, ભક્તજનોનું

રક્ષણ કરનારા, સદ્બુદ્ધિ આપનારા, પોતાના યોગમાં આવનારને પવિત્ર કરનારા, અજ્ઞાનનો નાશ કરનારા, સમાધિમાં પોતાનું દિવ્ય અક્ષરધામ અને અન્ય ધામો દેખાડનારા, કોઈથી પરાભવ પામે નહીં તેવા (૧૫) સારાયે વિશ્વમાં પોતાનો પવિત્ર યશ પ્રસરાવનારા, પોતાના આશ્રિતોને જન્મ-મરણના બંધનથી છોડાવનારા, અત્યંત ઉદાર સ્વભાવના, સ્વાભાવિક રીતે જ હમેશાં આનંદમાં રહેનારા અને પોતાના આશ્રિતોને આનંદ આપનારા, પતિવ્રતા (સાધવી) સ્ત્રીઓના ધર્મ (આચાર-વિચાર)ની પ્રવૃત્તિ કરાવનારા (૧૬) કામદેવના ગર્વનો નાશ કરનારા, વિષ્ણુ ભગવાન સંબંધી હિંસા રહિત યજ્ઞો કરાવનારા, વિષ્ણુ, શીવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય — આ પાંચ દેવોનું પૂજન કરનાર અને કરાવનાર, આજીવન

બ્રહ્મચર્યવ્રતનું પાલન-પોષણ કરનારા (૧૭) સત્ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં ધીર-ગંભીર (નિષ્ણાત), કોઈપણ પ્રકારની સ્પૃહા (તૃષ્ણા) રહિત, પોતાની પ્રતિજ્ઞા (વચન)નું સંપૂર્ણ પાલન કરનારા, પોતાના અનન્ય ભક્તો પ્રત્યે અત્યંત પ્રેમવાળા, ક્રોધ નહીં કરનારા, પૂર્વા-પરનો વિચાર કરનારા, ભૂખ, તરસ, વૃદ્ધત્વ, મરણ, શોક અને મોહ — એ ષડૂર્મિ ઉપર વિજય મેળવવાની સામર્થિવાળા (૧૮) સર્વ પ્રકારના અભિમાનને રહિત, જીવપ્રાણીમાત્રનો દ્રોહ નહીં કરનારા, સરળ સ્વભાવના, દરેકને સહાય કરનારા, સર્વનું નિયમન કરનારા, ઇન્દ્રિયોની વૃત્તિઓને અંતરસન્મુખ રાખનારા, વિનય (નમ્રતા)થી રહેનારા, જીવને સાચો બોધ આપી તેનુ અજ્ઞાન ટાળનારા (૧૯) કોઈપણ પ્રત્યે વેરભાવ નહીં

રાખનારા, લોભરહિત, મહાનપુરુષોના જેવું સદાચારમય જીવન જીવનારા, પોતાનુ સર્વસ્વ આપીદેનારા, ઋષિઓએ બાંધેલી સનાતનધર્મની મર્યાદા અખંડ રાખનારા, વ્યાસજીના સિદ્ધાંતો પ્રમાણે સદુપદેશ આપનારા (૨૦) મનનો નિગ્રહ કરવાની યુક્તિને જાણનારા, યમદૂતોથી છોડાવનારા, કામના રહિત (ઇચ્છિત કાર્ય પૂર્ણ કરનારા), સત્યવચન બોલનારા (સત્યનો પક્ષ રાખનારા), સદ્‌ગુણ ગ્રહણ કરનારા, સ્વસ્થ ચિત્તવાળા (૨૧) અત્યંત પ્રેમપૂર્વક સદાચારનું પાલન કરનારા, જેમના ગુણોનું વર્ણન કરવાથી કે સાંભળવાથી પાપીને પણ પુણ્યશાળી બનાવે તેવા; પોતાના અનંત દિવ્યરૂપ, ગુણ, અને ક્રિયાઓ (લીલાચરિત્રો)થી જીવપ્રાણીમાત્રનું કલ્યાણ કરનારા (એવા ભગવાન શ્રીહરિના

૧૦૮ નામ કહ્યા) (૨૨)

'જનમંગલ' નામથી ઓળખાતા આ ઉત્તમસ્તોત્રનો પાઠ કરનારનુ સર્વપ્રકારે મંગળ(કલ્યાણ) થાય છે. (૨૩) જે માણસ સવાર, બપોર અને સાંજ એમ ત્રણેય કાળમાં હમેશાં ભક્તિપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરશે, સાંભળશે અથવા સંભળાવશે તેના સર્વપ્રકારના પાપો નાશ પામશે એમ નિશ્ચય જાણવું (૨૪) આ સ્તોત્રનું સેવન (પઠન-પાઠન,શ્રવણ) કરનારને ભગવાનશ્રી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી પ્રયત્ન વિના જ સુગમતાથી ચારેય પુરુષાર્થની ઈષ્ટ સિદ્ધિ તત્કાળ થાય છે. તેના માટે કાંઈ દુર્લભ નથી. (૨૫) ભૂતપ્રેત, પિશાચ, ડાકિની, યોગિની, બ્રહ્મરાક્ષસ, બાળગ્રહો વગેરે તથા શત્રુઓએ કરેલા મારણ, મોહન, ઉચ્ચાટન વગેરે સંબંધી

દુઃખો તથા દરિદ્રતા (ગરીબાઈ) તથા શારીરિક, માનસિક તથા રોગજન્ય દુઃખો તથા પ્રારબ્ધજન્ય કે અન્ય કોઈપણ પ્રકારનું દુઃખ આવે તો આ 'જનમંગલ' સ્તોત્રના વિધિપૂર્વક ૧૦ હજાર પાઠ કરવાથી સર્વ પ્રકારના દુઃખો ખરેખર નાશ પામે છે. (૨૬, ૨૭) આ સ્તોત્રના દરરોજ ૧૦ પાઠ કરવાથી મનોવાંછિત સુખ ચોક્કસ મળે છે. તેથી ગૃહસ્થો અને ત્યાગીઓએ આ સ્તોત્રનો પાઠ હમેશાં આદર થકી કરવો. (૨૮)

જનમંગલ નામાવલિ

૧ શ્રી કૃષ્ણાય નમઃ
૨. શ્રી વાસુદેવાય નમઃ
૩. નરનારાયણાય નમઃ
૪. પ્રભવે નમઃ
૫. ભક્તિધર્માત્મજાયનમઃ
૬. અજન્મને નમઃ
૭. કૃષ્ણાય નમઃ
૮. નારાયણાય નમઃ
૯. હરયે નમઃ
૧૦ હરિકૃષ્ણાય નમઃ
૧૧ ઘનશ્યામાય નમઃ
૧૨ ધાર્મિકાય નમઃ
૧૩ ભક્તિનંદનાય નમઃ

૧૪ બૃહદ્વ્રતધરાય નમઃ
૧૫ શુદ્ધાય નમઃ
૧૬ રાધાકૃષ્ણેષ્ટદેવતાય નમઃ
૧૭ મરુત્સુતપ્રિયાય નમઃ
૧૮ કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ
૧૯ જિતેન્દ્રિયાય નમઃ
૨૦ જિતાહારાય નમઃ
૨૧ તીવ્રવૈરાગ્યાય નમઃ
૨૨ આસ્તિકાય નમઃ
૨૩ યોગેશ્વરાય નમઃ
૨૪ યોગકલાપ્રવૃત્તયે નમઃ
૨૫ અતિધૈર્યવતે નમઃ
૨૬ જ્ઞાનિને નમઃ
૨૭ પરમહંસાય નમઃ

૨૮ તીર્થકૃતે નમઃ
૨૯ તૈર્થિકાર્ચિતાય નમઃ
૩૦ ક્ષમાનિધયે નમઃ
૩૧ સદોન્નિદ્રાય નમઃ
૩૨ ધ્યાનનિષ્ઠાય નમઃ
૩૩ તપઃપ્રિયાય નમઃ
૩૪ સિદ્ધેશ્વરાય નમઃ
૩૫ સ્વતંત્રાય નમઃ
૩૬ બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ
૩૭ પાષણ્ડોચ્છેદનપટવે નમઃ
૩૮ સ્વસ્વરૂપાચલ સ્થિતયે નમઃ
૩૯ પ્રશાંતમૂર્તયે નમઃ
૪૦ નિર્દોષાય નમઃ
૪૧ અસુરગુર્વાદિમોહનાય નમઃ

૪૨ અતિકારુણ્યનયનાય નમઃ
૪૩ ઉદ્ધવાદ્ધપ્રવર્તકાય નમઃ
૪૪ મહાવ્રતાય નમઃ
૪૫ સાધુશીલાય નમઃ
૪૬ સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ
૪૭ અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ
૪૮ સાકારબ્રહ્મવર્ણનાય નમઃ
૪૯ સ્વામિનારાયણાય નમઃ
૫૦ સ્વામિને નમઃ
૫૧ કાલદોષનિવારકાય નમઃ
૫૨ સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ
૫૩ સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ
૫૪ કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ
૫૫ કૌલદ્વિષે નમઃ

૫૬ કલિતારકાય નમઃ
૫૭ પ્રકાશરૂપાય નમઃ
૫૮ નિર્દમ્ભાય નમઃ
૫૯ સર્વજીવહિતાવહાય નમઃ
૬૦ ભક્તિસમપોષકાય નમઃ
૬૧ વાગ્મિને નમઃ
૬૨ ચર્તુવર્ગફલપ્રદાય નમઃ
૬૩ નિર્મત્સરાય નમઃ
૬૪ ભક્તવર્મણે નમઃ
૬૫ બુદ્ધિદાત્રે નમઃ
૬૬ અતિપાવનાય નમઃ
૬૭ અબુધ્ધિહૃતે નમઃ
૬૮ બ્રહ્મધામદર્શકાય નમઃ
૬૯ અપરાજિતાય નમઃ

૭૦ આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ
૭૧ શ્રિતસંસૃતિમોચનાય નમઃ
૭૨ ઉદારાય નમઃ
૭૩ સહજાનંદાય નમઃ
૭૪ સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
૭૫ કન્દર્પદર્પદલનાય નમઃ
૭૬ વૈષ્ણવક્રતુકારકાય નમઃ
૭૭ પંચાયતનસન્માનાય નમઃ
૭૮ નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ
૭૯ પ્રગલ્લભાય નમઃ
૮૦ નિઃસ્પૃહાય નમઃ
૮૧ સત્યપ્રતિજ્ઞાય નમઃ
૮૨ ભક્તવત્સલાય નમઃ
૮૩ અરોષણાય નમઃ

૮૪ દીર્ઘદર્શિને નમઃ
૮૫ ષડૂર્મિવિજયક્ષમાય નમઃ
૮૬ નિરહંકૃતયે નમઃ
૮૭ અદ્રોહાય નમઃ
૮૮ ઋજવે નમઃ
૮૯ સર્વોપકારકાય નમઃ
૯૦ નિયામકાય નમઃ
૯૧ ઉપશમસ્થિતયે નમઃ
૯૨ વિનયવતે નમઃ
૯૩ ગુરવે નમઃ
૯૪ અજાતવૈરિણે નમઃ
૯૫ નિર્લોભાય નમઃ
૯૬ મહાપુરુષાય નમઃ
૯૭ આત્મદાય નમઃ

૯૮ અખંડિતાર્ષમર્યાદાય નમઃ
૯૯ વ્યાસસિદ્ધાંતબોધકાય નમઃ
૧૦૦ મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ
૧૦૧ યમદૂતવિમોચકાય નમઃ
૧૦૨ પૂર્ણકામાય નમઃ
૧૦૩ સત્યવાદિને નમઃ
૧૦૪ ગુણગ્રાહિણે નમઃ
૧૦૫ ગતસ્મયાય નમઃ
૧૦૬ સદાચારપ્રિયતરાય નમઃ
૧૦૭ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ
૧૦૮ સર્વમંગલ સદ્રુપનાનાગુણવિચેષ્ટિતાય નમઃ

॥ ઈતિ જનમંગલ નામાવલિ સંપૂર્ણમ્ ॥

શ્રી નારાયણ ક્વચમ્ ।

વિશ્વરૂપ ઉવાચ...

ધૌતાંઘ્રિપાણિરાચમ્ય સપવિત્ર ઉદંગમુખઃ ।
કૃતસ્વાંગકરન્યાસો મંત્રાભ્યાં વાગ્યતઃ શુચિઃ ।
નારાયણમયં વર્મ સન્નહ્યેદ્ ભય આગતે ।

સંકલ્પ :-

અસ્ય શ્રી નારાયણવર્મમન્ત્રસ્ય વિશ્વરૂપ ઋષિઃ । ત્રિષ્ટુપનુષ્ટુભૌ છન્દસી । શ્રી નારાયણો દેવતા । શ્રી નારાયણપ્રીતિપૂર્વકં મમ સકલોપદ્રવ શાન્ત્યર્થં નારાયણવર્મ જયે વિનિયોગઃ ।

ન્યાસ :- (વિધિ પાછળ બતાવી છે.)

ધ્યાન :-

આત્માનં પરમં ધ્યાયેદ્ ધ્યેયં ષટ્શક્તિભિર્યુતમ્ ।
વિદ્યાતેજસ્તપોમૂર્તિમિમં મન્ત્રમુદાહરેત્ ।

સ્તોત્ર

ૐ હરિર્વિદધ્યાન્મમ સર્વરક્ષાં ન્યસ્તાંઘ્રિપદ્મઃ
પતગેન્દ્રપૃષ્ઠે । દરારિચર્માસિગદેષુચાપ-
પાશાન્ દધાનોડષ્ટગુણોડષ્ટબાહુઃ ॥૧॥
જલેષુમાં રક્ષતુ મત્સ્યમૂર્તિ
ર્યાદોગણેભ્યો વરુણસ્યપાશાત્ ।
સ્થલેષુ માયાબટુવામનોવ્યા-
ત્રિવિક્રમઃ ખેવતુ વિશ્વરુપઃ ॥૨॥
દુર્ગેષ્વટવ્યાજિમુખાદિષુ પ્રભુઃ
પાયાન્નૃસિંહોડસુરયૂથપારિઃ ।
વિમુન્ચતો યસ્ય મહાટ્ટહાસં
દિશો વિનેદુર્ન્યપતંશ્ચ ગર્ભાઃ ॥૩॥
રક્ષત્વસૌ માડધ્વનિ યજ્ઞકલ્પઃ
સ્વદંષ્ટ્રયોન્નીતધરો વરાહઃ ।

રામોડદ્રિકૂટેષ્વથ વિપ્રવાસે
સલક્ષ્મણોડવ્યાદ્ ભરતાગ્રજો મામ્ ॥૪॥
મામુગ્રધર્માદખિલાત્પ્રમાદાન્નારાયણઃ પાતુ
નરશ્ચહાસાત્ । દત્તસ્ત્વયોગાદથ યોગનાથઃ
પાયાદ્ ગુણેશઃ કપિલઃ કર્મબન્ધાત્ ॥૫॥
સનત્કુમારોડવતુ કામદેવાદ્
હયશીર્ષામાંપથિ દેવહેલનાત્ ।
દેવર્ષિવર્યઃ પુરુષાર્ચનાન્તરાત્
કૂર્મો હરિર્માં નિરયાદ્શેષાત્ ॥૬॥
ધન્વન્તરિર્ભગવાન્ પાત્વપથ્યાદ્
દ્વંદ્વાદ્ભયાદષભો નિર્જિતાત્મા ।
યજ્ઞશ્ચ લોકાદવતાજજનાન્તાદ
બલો ગણાત્ક્રોધવશાદહીન્દ્રઃ ॥૭॥
દ્વૈપાયનો ભગવાન પ્રબોધાદ
બુદ્ધસ્તુ પાષંડ-ગણાત્પ્રમાદાત્ ।

કલ્કિઃ કલેઃ કાલમલાત્ પ્રપાત
ધર્માવનાયોરુકૃતાવતારઃ ॥૮॥
માં કેશવો ગદયા પ્રાતરવ્યાદ્
ગોવિંદ આસંગવઆત્તવેણુઃ ।
નારાયણઃ પ્રાન્હ ઉદાત્ત શક્તિ
ર્મધ્યંદિને વિષ્ણુરરીન્દ્રપાણિઃ ॥૯॥
દેવોડપરાન્હે મધુહોગ્રધન્વા
સાયં ત્રિધામાડવતુ માધવો મામ્ ।
દોષે હષીકેશ ઉતાર્ધરાત્રે
નિશીથ એકોડવતુ પદ્મનાભઃ ॥૧૦॥
શ્રીવત્સધામાડપરરાત્ર ઈશઃ
પ્રત્યૂષ ઈશોડસિધરો જનાર્દનઃ ।
દામોદરોડવ્યાદનુસન્ધ્યં પ્રભાતે
વિશ્વેશ્વરો ભગવાન્કાલમૂર્તિઃ ॥૧૧॥
ચક્રં યુગાન્તાનલતિગ્મનેમિ

ભ્રમત્સમન્તાદ્ ભગવત્પ્રયુક્તમ્ ।
દન્દગ્ધિ દન્દગ્ધ્યરિસૈન્યમાશુ
કક્ષં યથા વાતસખો હુતાશઃ ॥૧૨॥
ગદેડશનિસ્પર્શનવિસ્ફુલિંગે
નિષ્પિ ણ્ઢિ નિષ્પિણ્ઢયજિતપ્રિયાસિ ।
કૂષ્માણ્ડવૈનાયક યક્ષરક્ષો
ભૂતગ્રહાંશ્ચૂર્ણય ચૂર્ણયારીન્ ॥૧૩॥
ત્વં યાતુધાનપ્રમથપ્રેતમાતૃ
પિશાચ વિપ્રગ્રહઘોરદષ્ટિન્ ।
દરેન્દ્ર વિદ્રાવય કૃષ્ણપૂરિતો
ભીમસ્વનોડરેર્હૃદયાનિ કમ્પયન્ ॥૧૪॥
ત્વં તિગ્મધારાસિવરાસિ સૈન્ય
મીશપ્રયુકતો મમ છિન્ધિ છિન્ધિ ।
ચક્ષૂંષિ ચર્મન્ શતચન્દ્રછાદય
દ્વિષામધોનાં હર પાપચક્ષુષામ્ ॥૧૫॥

યન્નોભયં ગ્રહેભ્યોઙભૂત્કેતુભ્યો નૃભ્ય એવ ચ ।
સરીસૃપેભ્યો દંષ્ટ્રિભ્યો
ભૂતેભ્યોઙઘેભ્ય એવ ચ ॥૧૬॥
સર્વાણ્યેતાનિ ભગવન્નામરુપસ્ત્ર કીર્તનાત્ ।
પ્રયાન્તુ સક્ષયં સદ્યો યેઙન્યે શ્રેયઃ પ્રતીપકાઃ ॥૧૭॥
ગરુડો ભગવાન્ સ્તોત્રસ્તોભરછન્દોમયઃ પ્રભુઃ ।
રક્ષત્વશેષકૃચ્છ્રેભ્યો વિષ્વક્સેનઃ સ્વનામભિઃ ॥૧૮॥
સર્વાપદ્ભ્યો હરેર્નામરુપયાનાયુધાનિ નઃ ।
બુદ્ધિન્દ્રિયમનઃ પ્રાણાન્ પાન્તુ પાર્ષદભૂષણાઃ ॥૧૯॥
યથાહિ ભગવાનેવ વસ્તુતઃ સદસચ્ચયત્ ।
સત્યેનાનેન નઃ સર્વે યાન્તુ નાશમુપદ્રવાઃ ॥૨૦॥
યથૈકાત્મ્યાનુભાવાનાં વિકલ્પરહિતઃ સ્વયમ્ ।
ભૂષણાયુધલિંગાખ્યા ધત્તે શક્તિઃ સ્વમાયયા ॥૨૧॥
તૈનૈવ સત્યમાનેન સર્વજ્ઞો ભગવાન્ હરિઃ ।
પાતુ સર્વૈઃ સ્વરુપૈર્નઃ સદા સર્વત્ર સર્વગઃ ॥૨૨॥

વિદિક્ષુ દિક્ષૂર્ધ્વમધઃ સમન્તાદ્
અન્તર્બહિર્ભગવાન્નારસિહઃ ।
પ્રહાપર્યલ્લોકભયસ્વનેન
સ્વતેજસા ગ્રસ્તસમસ્તતેજાઃ ॥૨૩॥

॥ ઈતિ નારાયણ કવચમ્ ॥

(શ્રીમદ્ ભાગવત ૬/૮)

નારાયણ કવચ (ભાવાનુવાદ)

વિશ્વરૂપ બોલ્યા : જ્યારે ભય આવ્યો હોય ત્યારે મનુષ્યે હાથ-પગ ધોઈ, આચમન કરી, દર્ભની વીંટી પહેરી ઉત્તર દિશા તરફ મુખ રાખી, પલાઠી વાળી બેસવું અને મૌન રહી અષ્ટાક્ષર, દ્વાદશાક્ષર અને ષડક્ષર મંત્રવડે અંગન્યાસ અને કરન્યાસ કરી નારાયણનું ધ્યાન કરી આ નારાયણ કવચ ધારણ કરવું અર્થાત્ પાઠ કરવો.

આ 'નારાયણ કવચ' નામના સ્તોત્રના વિશ્વરૂપ ઋષિ છે. ત્રિષ્ટુપ અને અનુષ્ટુપ છંદ છે. શ્રી નારાયણ દેવતા છે. દુઃખમાત્રની નિવૃત્તિ માટે હું આ સ્તોત્રનો પાઠ કરું છું. એમ સંકલ્પ કરી નીચે મુજબ અંગન્યાસ અને કરન્યાસ કરવા.

અંગન્યાસ : ૐ નમો નારાયણાય

(ન્યાસ એ તાંત્રિક ક્રિયા છે. તે નીચે પ્રમાણે કરવી ન સમજાય તો અનુભવી પાસેથી શીખી લેવી)

ૐ ૐ ૐ બોલી જમણો હાથ બન્ને પગે અડાડવો.
ૐ નં ૐ બોલી જમણો હાથ બન્ને ગોઠણે અડાડવો.
ૐ મોં ૐ બોલી જમણો હાથ બન્ને સાથળે અડાડવો.
ૐ નાં ૐ બોલી જમણો હાથ પેટે અડાડવો.
ૐ રાં ૐ બોલી જમણો હાથ હૃદયે અડાડવો.

ૐ યં ૐ બોલી જમણો હાથ છાતીએ અડાડવો.
ૐ ણાં ૐ બોલી જમણો હાથ મુખે અડાડવો.
ૐ યં ૐ બોલી જમણો હાથ મસ્તકે અડાડવો.

કરન્યાસ : ૐ નમો ભગવતે વાસુદેવાય

ૐ ૐ ૐ બોલી જમણા હાથનો અંગુઠો જમણા હાથની પહેલી આંગળીના ટેરવે અડાડવો.
ૐ નં ૐ બોલી જમણા હાથનો અંગુઠો જમણા હાથની બીજી આંગળીના ટેરવે અડાડવો.
ૐ મોં ૐ બોલી જમણા હાથનો અંગુઠો જમણા હાથની ત્રીજી આંગળીના ટેરવે અડાડવો.
ૐ ભં ૐ બોલી જમણા હાથનો અંગુઠો જમણા હાથની ચોથી આંગળીના ટેરવે અડાડવો.
ૐ ગં ૐ બોલી ડાબા હાથનો અંગુઠો ડાબા હાથની ચોથી આંગળીના ટેરવે અડાડવો.
ૐ વં ૐ બોલી ડાબા હાથનો અંગુઠો ડાબા

હાથની ત્રીજી આંગળીના ટેરવે અડાડવો.
ૐ તેં ૐ બોલી ડાબા હાથનો અંગુઠો ડાબા હાથની બીજી આંગળીના ટેરવે અડાડવો.
ૐ વાં ૐ બોલી ડાબા હાથનો અંગુઠો ડાબા હાથની પહેલી આંગળીના ટેરવે અડાડવો.
ૐ સું ૐ બોલી ડાબા હાથના અંગુઠાનું ટેરવું ડાબા અંગુઠાના પહેલા પર્વે અડાડવું
ૐ દેં ૐ બોલી ડાબા હાથના અંગુઠાનું ટેરવું ડાબા અંગુઠાના છેલ્લા પર્વે અડાડવું.
ૐ વાં ૐ બોલી જમણાં હાથના અંગુઠાનું ટેરવું જમણાં અંગુઠાના પહેલા પર્વે અડાડવું.
ૐ યં ૐ બોલી જમણાં હાથના અંગુઠાનું ટેરવું જમણાં અંગુઠાના છેલ્લા પર્વે અડાડવું.

અંગન્યાસ : ૐ વિષ્ણવે નમઃ

ૐ ૐ ૐ બોલી જમણો હાથ હૃદયે અડાડવો.

ૐ વિં ૐ બોલી જમણો હાથ મસ્તકે અડાડવો.
ૐ ષં ૐ બોલી જમણો હાથ બન્ને ભ્રકુટી વચ્ચે અડાડવો.
ૐ ણં ૐ બોલી જમણો હાથ ચોટલીએ અડાડવો.
ૐ વેં ૐ બોલી જમણો હાથ બન્ને આંખોએ અડાડવો.
ૐ નં ૐ બોલી જમણો હાથ — હાથપગના બધા સાંધાઓએ અડાડવો.
ૐ મઃ ૐ અસ્તાય ફટ્, બોલી જમણો હાથ મસ્તકે ઘુમાવી ચપટી વગાડવી.

ધ્યાન : વિદ્યા, તેજ અને તપ આ ત્રણ ગુણો સહિત તથા ઐશ્વર્ય,જ્ઞાન, યશ, શ્રી, વૈરાગ્ય અને ધર્મ - આ છ શક્તિઓવાળા અને ધ્યાન કરવા યોગ્ય પરમાત્માના દિવ્ય સ્વરૂપનું ધ્યાન કરવું.

હે નારાયણ ! હે ત્રિલોકેશ ! હે સર્વદુઃખ વિમર્દન ! સર્વ ઉપદ્રવની શાંતિ માટે હું આ તમારું વર્મ (કવચ) ધારણ કરું છું.

સ્તોત્ર : ગરુડની પીઠ પર પોતાના ચરણકમળનું સ્થાપન કરનારા, અણિમાદિ આઠ ઐશ્વર્યરૂપ ગુણોવાળા, આઠ ભૂજાઓમાં શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ્ય અને પાશને ધારણ કરનારા શ્રીહરિ સર્વ પ્રકારના ભય થકી મારી રક્ષા કરો (૧) મત્સ્યમૂર્તિ ભગવાન જળમાં જળજંતુઓ તથા વરુણના પાશ થકી, માયાથી બટુક બનેલા વામન ભગવાન સ્થળ ઉપર અને વિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો. (૨) જેના ઘોર અટ્ટહાસ્યથી સર્વ દિશાઓ ગાજી ઊઠી હતી અને દૈત્યોની સ્ત્રીઓના ગર્ભ સ્રવી ગયા હતા એવા દૈત્ય સેનાધિપતિઓના

શત્રુરૂપ નૃસિંહ ભગવાન દુર્ગમ કિલ્લાઓ, જંગલો, રણભૂમિ વગેરે વિકટ સ્થાનોમાં મારી રક્ષા કરો. (૩) પોતાની દાઢ વડે પૃથ્વીને રસાતળમાંથી ઉપર લાવનારા, યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન માર્ગમાં, પરશુરામ ભગવાન પર્વતોના શિખરો ઉપર અને ભરતજીના મોટાભાઈ રામચંદ્રજી ભગવાન લક્ષ્મણજી સહિત દેશ-દેશાંતરોની મુસાફરીમાં અમારી રક્ષા કરો. (૪) નારાયણ ભગવાન મારણ, મોહન વગેરે અભિચાર કર્મ તથા અસાવધાનપણા થકી, નર ભગવાન ગર્વ થકી, યોગેશ્વર દત્તાત્રેય ભગવાન યોગભ્રષ્ટપણા થકી અને ગુણોના નિયંતા કપિલ ભગવાન કર્મના બંધન થકી મારી રક્ષા કરો. (૫) સનત્કુમાર ભગવાન કામદેવ થકી, હયગ્રીવ ભગવાન માર્ગમાં જતા દેવોને પ્રણામ ન કરવારૂપ

અપરાધ થકી, દેવર્ષિઓમાં શ્રેષ્ઠ એવા નારદજી દેવપૂજામાં થયેલ અપરાધરૂપ દોષો થકી અને કૂર્માવતારી ભગવાન શ્રીહરિ સમગ્ર નરક થકી મારી રક્ષા કરો. (૬) ધન્વંતરી ભગવાન કુપથ્ય થકી, જિતેન્દ્રિય એવા ઋષભદેવ ભગવાન રાગ-દ્વેષાદિ દ્વંદ્વરૂપ ભય થકી, યજ્ઞાવતાર ભગવાન લોકાપવાદ થકી, બળદેવજી લોકો તરફથી થતા ઉપદ્રવો થકી અને શેષનારાણ ભગવાન સર્પોના સમુદાય થકી મારી રક્ષા કરો. (૭) વેદવ્યાસ ભગવાન અજ્ઞાન થકી, બુદ્ધ ભગવાન પાખંડીલોકો અને પ્રમાદ થકી, ધર્મની રક્ષા માટે મહાન અવતાર લેનારા કલ્કિ ભગવાન કળિયુગના પાપરૂપદોષો થકી મારી રક્ષા કરો. (૮) ગદાધારી કેશવ ભગવાન પ્રાતઃકાળમાં,

વેણુંધારી ગોવિંદ ભગવાન સૂર્યોદય સમયે, શક્તિ નામનું સર્વોત્કૃષ્ટ આયુધધારી નારાયણ ભગવાન મધ્યાહ્ન પહેલા અને ચક્રધારી વિષ્ણુ ભગવાન મધ્યાન્હ સમયે મારી રક્ષા કરો. (૯) પ્રચંડ ધનુષ્યધારી મધુસુદન ભગવાન સાયંકાળે પહેલા, ત્રિલોકીના અધિપતિ માધવ ભગવાન સાયંકાળે, ઋષિકેશ ભગવાન સૂર્યાસ્ત પછી અને પદ્મનાભ ભગવાન અર્ધરાત્રી પહેલા તથા પછીના સમયમાં મારી રક્ષા કરો. (૧૦) શ્રીવત્સના ચિન્હવાળા (લક્ષ્મીપતિ) ભગવાન રાત્રીના પાછલા પ્રહરમાં, તલવારધારી સમર્થ જનાર્દન ભગવાન ઉષાકાળમાં, દામોદર ભગવાન સૂર્યોદય પહેલા અને કાલમૂર્તિ વિશ્વેશ્વર ભગવાન દિવસ અને રાત્રીના સંધિકાળમાં મારી રક્ષા કરો. (૧૧)

ભગવાનની આજ્ઞાથી સર્વત્ર ભ્રમણ કરનારા, પ્રલયકાળના અગ્નિસમાન તીક્ષ્ણ ધારવાળા હે સુદર્શન ચક્ર ! પવનની સહાયતાથી અગ્નિ ઘાસને બાળે તેમ, તમે મારા શત્રુના સૈન્યને બાળી નાખો બાળી નાખો. (૧૨) વજ્ર સમાન તણખાઓને સર્વત્ર ફેલાવનારી, ભગવાનને અતિપ્રિય એવી હે કૌમોદકી ગદા ! કૂષ્માંડ, વૈનાયક, યક્ષ, રાક્ષસ, ભૂતપ્રેતાદિ ગ્રહોને પીસી નાખ, પીસી નાખ અને મારા શત્રુઓના ચૂરેચૂરા કરી નાખ. (૧૩) શ્રી કૃષ્ણ ભગવાને વગાડેલા અને ભયંકર શબ્દવાળા હે પાંચજન્ય શંખ ! શત્રુઓના હૃદયો કંપાવતો તુ રાક્ષસો, પ્રમથો, પ્રેતો, માતૃકાઓ, પિશાચો, બ્રહ્મરાક્ષસો તથા બીજા ઘોર દૃષ્ટિવાળાઓને જલ્દી હાંકી કાઢ. (૧૪) ભગવાનને વહાલી, તીક્ષ્ણ ધારવાળી હે

તલવાર ! તુ મારા શત્રુના સૈન્યને કાપી નાખ, કાપી નાખ. ચંદ્રાકાર એકસો ફૂદડીઓ જડેલી હે ઢાલ ! તુ મારા પાપી શત્રુઓના નેત્રો ઢાંકી દે અને બીજા ઉગ્ર દૃષ્ટિવાળાઓની દૃષ્ટિ હરી લે. (૧૫) ગ્રહોથી, ઉલ્કાપાતોથી, દુષ્ટ લોકોથી, સર્પોથી, હિંસક પ્રાણીઓથી, ભૂત-પ્રેતોથી અથવા પાપોથી અમને જે ભય થાય તે સર્વ ભય તથા અમારા કલ્યાણનો જે નાશ કરનારા છે તે સર્વ ભગવાનના નામ, રૂપ અને આયુધોનું ઉચ્ચારણ કરવા માત્રથી જ તત્કાળ નાશ પામો. (૧૬, ૧૭) બૃહદ્, રથન્તર વગેરે સામવેદના સ્તોત્રોથી સ્તુત્ય વેદમૂર્તિ ભગવાન ગરુડ અને વિશ્વકસેન પોતાના નામોચ્ચારણ માત્રથી જ સર્વ વિપત્તિઓ થકી અમારી રક્ષા કરો. (૧૮) ખરેખર આ જે કંઈ

મૂર્ત-અમૂર્ત જગત છે તે સર્વ ભગવાન જ છે; એવા સત્યજ્ઞાનથી અમારા સર્વ ઉપદ્રવો નાશ પામો. (૧૯) બ્રાહ્મી સ્થિતિને પામેલા પુરુષોને જેના રૂપો, આભૂષણો, આયુધો, પાર્ષદો વગેરે ભિન્ન ભાસતા નથી એવા સત્યસ્વરૂપ, સર્વજ્ઞ, સર્વવ્યાપી, પોતાની ઐશ્વર્યશક્તિથી સર્વનું ધારણ-પોષણ કરનારા, વિવિધ સ્વરૂપે સર્વત્ર વિરાજમાન ભગવાન શ્રીહરિ સર્વત્ર, સર્વપ્રકારે, સર્વદા અમારી રક્ષા કરો. (૨૦,૨૧)પોતાના તેજથી સર્વ તેજને ઢાંકી દેનારા અને અટ્ટહાસ્યના ધ્વનિથી સર્વલોકોના ભયનો નાશ કરનારા નૃસિંહ ભગવાન સર્વ દિશાઓમાં, ખૂણાઓમાં, ઉપર, નીચે,અંદર,બહાર સર્વત્ર અમારી રક્ષા કરો. (૨૨)

॥ ઈતિ નારાયણ કવચમ્ ॥

શ્રી હનુમત્ સ્તોત્રમ્

નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્રબુદ્ધે!
રાજાધિરાજરઘુનાયકમન્ત્રિવર્ય !
સિન્દૂરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટ મે ॥૧॥
સીતાનિમિત્તજરધૂત્તમભૂરિકષ્ટ
પ્રોત્સારણૈકકસહાય હતાસ્રપૌધ !
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને ! શ્રીરામ૦ ॥૨॥
દુર્વાયરાવણવિસર્જિતશક્તિઘાત
કંઠાસુલક્ષ્મણ સુખાહૃતજીવવલ્લે !
દ્રોણાચલાનયનનન્દિતરામપક્ષ ! શ્રીરામ૦ ॥૩॥
રામાગમોક્તિતરિતારિતબંધ્વયોગ
દુઃખાબ્ધિમગ્નભરતાર્પિતપારિબર્હ !
રામાંઘ્રિપદ્મમધુપી ભવદન્તરાત્મન્ ! શ્રીરામ૦॥૪॥

વાતાત્મકેસરિમહાકપિરાટતદીય
ભાર્યાંજનીપુરુતપઃફલપુત્રભાવ!
તાર્ક્ષ્યોપમોચિતવપુર્બલતીવ્રવેગ ! શ્રીરામ૦ ॥૫॥
નાનાભિચારિકવિસૃષ્ટસવીરકૃત્યા
વિદ્રાવણારુણસમીક્ષણદુઃપ્રધર્ષ્ય !
રોગઘ્નસત્સુતદવિત્તદમન્ત્રજાપ ! શ્રીરામ૦ ॥૬॥
યન્નાંમધેયપદકશ્રુતિમાત્રતોડપિ
યે બ્રહ્મરાક્ષસપિશાચગણાશ્ચભૂતાઃ ।
તેમારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સત્વં શ્રીરામ૦ ॥૭॥
ત્વંભક્તમાનસસમીપ્સિતપૂર્તિશકતો
દીનસ્ય દુર્મદસપત્નભયાર્તિભાજઃ
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ ! શ્રીરામ૦ ॥૮॥

॥ ઈતિ શ્રી હનુમત્સ્તોત્રં સમાપ્તમ્ ॥

હનુમાનજીનો મંત્ર : ૐ નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુ ફટ્ સ્વાહા ।

હનુમત્સ્તોત્ર (ભાવાનુવાદ)

રાજનીતિમાં પ્રવિણ, વેદાદિ શાસ્ત્રોમાં પારંગત, રાજાધિરાજ, રઘુકુળનાયક શ્રી રામચંદ્રજીના મંત્રી, સિંદૂર ચર્ચેલા શરીરવાળા અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો. (૧) સીતાહરણથી શ્રી રામચંદ્રજીને ઉપજેલા મહાકષ્ટને દૂર કરવામાં મુખ્ય સહાયક, અનેક અસુરોનો સંહાર કરનારા અને રાવણની સોનાની રાજધાની (લંકા)ને બાળી દેનારા એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો. (૨) રાવણે છોડેલી ભયંકર, નિવારણ ન થઈ શકે તેવી શક્તિથી મૂર્છિત થયેલા લક્ષ્મણજીને સુખી કરવા, દ્રોણાચલ સહિત સંજીવની વેલ (ઔષધિ) લાવી આપી, રામચંદ્રજીના પક્ષવાળા સહુને આનંદ પમાડનારા,

એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો. (૩) રામચંદ્રજીના આગમનના સમાચાર કહેવારૂપી નૌકા દ્વારા બંધુ વિયોગના દુઃખ દરિયામાં ડૂબતા ભરતજીનો ઉદ્ધાર કરી, પારિતોષિક મેળવનાર અને રામચંદ્રજીના ચરણાવિંદમાં જ ભ્રમરની માફક આસક્ત રહેનારા, એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો. (૪) વાનરશ્રેષ્ઠ કેસરી અને તેમના પત્ની અંજનીની તીવ્ર તપશ્ચર્યાના ફળરૂપે પુત્રાભાવને પામેલા અને શરીરબળ તથા તીવ્રવેગમાં ગરુડ જેવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો. (૫) બહુપ્રકારના અભિચારકોએ પ્રેરેલી, વીર સહિત ભયંકર કૃત્યાઓને ક્રોધથી લાલ થયેલી દષ્ટિમાત્રથી જ ભગાડી મૂકનારા, અને જેનો મંત્ર જપવાથી દર્દ

દૂર થાય છે, સુપુત્રની પ્રાપ્તિ થાય છે તેમજ ધનસંપત્તિ મળે છે એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો. (૬) જેના નામનો એક અક્ષરમાત્ર સાંભળવાથી, બ્રહ્મરાક્ષસો, પિશાચો, ભૂતો તથા મરકી વગેરે ભય પામીને તત્કાળ પલાયન થઈ જાય છે એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારા કષ્ટને દૂર કરો. (૭) તમે ભક્તોના મનોરથો પૂર્ણ કરવા સમર્થ છો. તેથી દીન એવા મને શત્રુઓના ભયથી મૂકાવવારૂપ ઇચ્છિત કાર્ય પૂર્ણ કરી પૂર્ણકામ એવા હે રામદૂત હનુમાનજી ! તમે મારું કષ્ટ દૂર કરો. (૮)

★ શ્રી હનુમાન ચાલીસા ★

(દોહા)

શ્રી ગુરુ ચરન સરોજ રજ નિજ મનુ મુકુરુ સુધારી,
બરનઉં રઘુબર બિમલ જસું જો દાયકુ ફલ ચારિ.

બુદ્ધિહીન તનુ જાનિકે, સુમિરૌ પવન-કુમાર;
બલ બુદ્ધિ બિદ્યા દેહું મોહિ,હરહું કલેસ બિકાર.

(ચૌપાઇ)

જય હનુમાન જ્ઞાન ગુન સાગર ;
જય કપીસ તિહું લોક ઉજાગર.
રામ દૂત અતુલિત બલ ધામા ;
અંજનિ પુત્ર પવન સુત નામા.
મહાબીર બિક્રમ બજરંગી ;
કુમતિ નિવાહ સુમતિ કે સંગી.
કંચન બરન બિરાજ સુબેસા ;
કાનન કુંડલ કુંચિત કેસા
હાથ બજ઼ ઔ ધ્વજા બિરાજૈ ;
કાંધે મૂંજ જનેઊ સાજૈ.
સંકર સુવન કેસરીનન્દન ;
તેજ પ્રતાપ મહાજગ બંદન

બિદ્યાવાન ગુની અતિ ચાતુર
રામ કાજ કરિબે કો આતુર
પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા
રામ લખન સીતા મન બસિયા
સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિં દિખાવા
બિકટ રૂપ ધરી લંક જરાવા
ભીમ રૂપ ધરી અસુર સંહારે
રામચન્દ્ર કે કાજ સંવારે
લાય સજીવન લખય જીયાયે
શ્રી રઘુબીર હરષિ ઉર લાયે
રઘુપતિ કીન્હી બહુત બડાઈ
તુમ મમ પ્રિય ભરતહિ સમ ભાઈ
સહસ બદન તુમ્હરો જસ ગાવૈ
અસ કહિ શ્રી પતિ કંઠ લગાવૈ
સનકાદિક બ્રહ્માદિ મુનીસા

નારદ સારદ સહિત અહિસા
જમ કુબેર દિગપાલ જહાંતે
કબિ કોબિદ કહી સકે કહાંતે
તુમ ઉપકાર સુગ્રીવ હિ કીન્હા
રામ મીલાય રાજ પદ દીન્હા
તુમ્હારો મંત્ર બિભિષન માના
લંકેશ્વર ભયે સબ જગ જાના
જુગ સહસ્ત્ર જોજન પર ભાનૂ
લીલ્યો તાહિ મધુર ફલ જાનુ
પ્રભુ મુદ્રિકા મેલી મુખ માહિ
જલધી લાધિ ગયે અચરજ નાહિ
દુર્ગમ કાજ જગત કે જે તે
સુગમ અનુગ્રહ તુમ્હરે તે તે
રામ દુઆરે તુમ રખવારે
હોત ન આજ્ઞા બિનુ પૈસારે

સબ સુખ લહૈ તુમ્હારી સરના
તુમ રચ્છક કાહૂ કો ડરના
આપન તેજ સમ્હારો આપૈ
તીનોં લોક હાંક તે કાંપૈ
ભૂત પિશાચ નિકટ નહીં આવૈ
મહાબીર જબ નામ સુનાવૈ
નાસે રોગ હરૈ સબ પીરા
જપત નિરંતર હનુમંત બીરા
સંકટ સે હનુમાન છુડાવૈ
મન કર્મ બચન ધ્યાન જો લાવૈ
સબ પર રામ તપસ્વી રાજા
તીન કે કાજ સકલ તુમ સાજા
ઔર મનોરથ જો કોઇ લાવૈ
સોઇ અમિત જીવન ફલ પાવૈ
ચારોં જુગ પરતાપ તુમ્હારા

હૈ પરસિદ્ધ જગત ઉજિયારા
સાધુ સંત કે તુમ રખવારે
અસુર નિકંદન રામ દુલારે
અષ્ટ સિદ્ધિ નૌ નિધિ કે દાતા
અસબર દીન જાનકી માતા
રામ રસાયન તુમ્હરે પાસા
સદા રહો રઘુપતિ કે દાસા
તુમ્હરે ભજન રામ કો પાવૈ
જનમ જનમ કે દુખ બિસરાવૈ
અંત કાલ રઘુબર પુર જાઇ
જહા જન્મ હરિભક્ત કહાઇ
ઔર દેવતા ચિત્ત ન ધરઇ
હનુમંત સેઇ સર્વ સુખ કરઇ
સંકટ કટૈ મિટૈ સબ પિરા

જો સુમિરૈ હનુમંત બલબીરા
જૈ જૈ જૈ હનુમાન ગુસાઇ
કૃપા કરહુ ગુરુ દેવ કી નાઇ
જો સત બાર પાઠ કરૈ કોઇ
છૂટહિ બંદિ મહા સુખ હોઇ
જો યહ પઢૈ હનુમાન ચાલીસા
હોય સિદ્ધિ સાખી ગૌરીસા
તુલસીદાસ સદા હરિ ચેરા
કીજૈ નાથ હદય મહિં ડેરા

(દોહા)

પવનતનય સંકટ હરન, મંગલ મૂરતિ રૂપ
રામ લખન સીતા સહિત, હ્રદય બસહુ સૂર ભૂપ

(ઇતિ શ્રી હનુમાન ચાલીસા સંપૂર્ણ)

ગણપતિસ્તોત્રમ્

વિઘ્નેશ વિઘ્નચયખંડનનામધેય
શ્રીશંકરાત્મજસુરાધિપવંદ્યપાદ ।
દુર્ગામહાવ્રતફલાખિલમંગલાત્મન્
વિઘ્નં મમાપહર સિદ્ધિવિનાયક ત્વમ્ ॥ ૧
સત્પદ્મરાગમણિવર્ણશરીરકાંતિઃ
શ્રી સિદ્ધિબુદ્ધિપરિચર્ચિતકુંકુમશ્રીં
દક્ષસ્તને વલયિતાતિમનોજ્ઞ શુંડો...વિઘ્નં૦૨
પાશાંકુશાબ્જપરશૂશ્ચ દધશ્ચતુર્ભિર્દોર્ભિશ્ચ
શોણકુસુમસ્રગુમાંગજાતઃ ।
સિન્દૂરશોભિતલલાટ વિધુપ્રકાશો...વિઘ્નં૦૩
કાર્યેષુવિઘ્નશ્ચયભીતવિરંચિમુખ્યૈઃ
સમ્પૂજિતઃ સુરવરૈરપિ મોદકાદ્યૈઃ
સર્વેષુ ચ પ્રથમમેવ સુરેષુ પૂજ્યો...વિઘ્નં૦૪

શીઘ્રાંચનસ્ખલનચંચુરવોર્ધ્વકંઠ
સ્થૂલેન્દુરુદ્રવણહાસિતદેવસંગઃ ।
શૂર્પશ્રુતિશ્ચ પૃથુવર્તુલતુંગતુન્દો...વિઘ્નં૦૫
યજ્ઞોપવીતપદલમ્બિતનાગરાજો
માસાદિપુણ્યદદશીકૃતઋક્ષરાજ ।
ભક્તાભયપ્રદ ! દયાલવ વિઘ્નરાજો... વિઘ્નં૦૬
સદ્રત્નસારતતિરાજિતસત્કિરીટઃ
કૌસુમ્ભચારુવસનદ્વય ઉર્જિતશ્રીઃ
સર્વત્રમંગલકરસ્મરણ પ્રતાપો...વિઘ્નં૦૭
દેવાન્તકાદ્યસુરભીતસુરાર્તિહર્તા
વિજ્ઞાનબોધનવરેણ્ય તમોપહર્તા !
આનંદિતત્રિભુવનેશકુમાર ! બન્ધો...વિઘ્નં૦૮

ગણપતિજીનો મંત્ર : ૐ ગં ગણપતયે નમઃ ॥

અધ્યાય-૧૫ : પુરુષોત્તમયોગ (ભ.ગીતા)

શ્રી ભગવાન્ ઉવાચ...

ઊર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યમ્ ।
છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥૧॥
અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા
ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।
અધશ્ચ મૂલાન્યતુસંતનાનિ
કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥૨॥
ન રૂપમસ્યેહ તથોપલભ્યતે
નાન્તો ન ચાદિર્ન ચ સંપ્રતિષ્ઠા ।
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમ
અસંગશસ્ત્રેણ દઢેન છીત્ત્વા ॥૩॥
તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં
યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।
તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે
યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ॥૪॥

નિર્માનમોહા જિતસંગદોષા
અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।
દ્વન્દ્વૈ ર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈ
ર્ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ઃ ॥૫॥
ન તદ્ભાસયતે સૂર્યો ન શશાઙકો ન પાવકઃ ।
યદ્ગત્વા ન નિવતન્તે તદ્ધામ પરમં મમ ॥૬॥
મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।
મનઃષષ્ઠનિન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષિત ॥૭॥
શરીરં યદવોપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।
ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાતઃ ॥૮॥
શ્રોત્રઃ ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ધ્રાણમેવ ચ ।
અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ॥૯॥
ઉત્ક્રામન્તં સ્થિતંવાપિ ભુંજાનંવા ગુણાન્વિતમ્ ।
વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષ; ॥૧૦॥
યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ।
યતન્તોઙપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥૧૧॥

યદાદિત્યગતં તેજો જગદ્‌ભાસયતેશ્ચખિલમ્ ।
યશ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥૧૨॥
ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।
પુષ્ણામિ ચૌષધીઃસર્વાસોમો ભૂત્વા રસાત્મકઃ ॥૧૩॥
અહં વૈશ્વાનરો ભુત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાનસંમાયુક્તઃ પચામ્યન્નં ચતુવિધમ્ ॥૧૪॥
સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો
મતઃ સ્મૃતિજ્ઞાનમપોહન ચ, ।
વેદૈશ્ચ સર્વૈર્રહમેવ વેદ્યો
વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ॥૧૫॥
દ્વાવિમો પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચં ।
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોડક્ષર ઉચ્યતે ॥૧૬॥
ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥૧૭॥
યસ્માત્ક્ષરમતીતોડહમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોડસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥૧૮॥

યો મામેવમસંમૂઢો જાનીતિ પુરુષોત્તમ ।
સ સર્વવિદ્‌ભજતિ માં સર્વભાવેન ભારત ॥૧૯॥
ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાનઘ, ।
એતદ્‌બુદ્‌ધ્વા બુદ્ધિમાન્સ્યાત્કૃતકૃત્યશ્ચ ભારત ॥૨૦॥

અક્ષરમૂર્તિ યોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને શ્રીજી મહારાજે પરચા આપ્યા તે ભકતચિંતામણીનુ ૧૪૨મુ પ્રકરણ

પૂર્વછાયો : અનુપ ઇડરદેશમાં ધન્ય ધન્ય ટોડલા ગામ,ધન્યધન્ય દ્વિજની જાતિને જયાં ઉપજયા ભકત અકામ(૧) યોગી પૂર્વજન્મના જેને વહાલા સંગે અતિવહાલ,પ્રભુ સંગાથે પ્રગટ્યા ખરા ભકત નામ ખુશાલ(૨) શમદમાદિ સાધને પુરા ,તપસી ત્યાગી તન,જાણે યોગ

અષ્ટાંગને, પુરણ સિદ્ધ પાવન (૩) બાળપણમાં વાતબીજી રુચે નહીં જેને રંચ,અતિ અભાવ અંગે વર્તે, પેખીને વિષય પંચ(૪)

ચોપાઈ : એવા ભકત ખરા ખુશાલ,જેને ન ગમી સંસારી ચાલ. બાળપણમાં રાચ્યા ભજને,બીજુ કાંઇ ગમ્યુ નહીં મને (૫) એમ કરતા થયો સત્સંગ,ચડ્યો અતિ ચિત્તે તેનો રંગ.આવી અંગમાં ખરી ખુમારી,ઉતરે નહીં કેની ઉતારી (૬)કરે ધ્યાન મહારાજનુ નિત્ય, અતિ પ્રગટ પ્રભુમાં પ્રિત્ય.એમ કરતા કાંઇક દન,થયો પ્રકાશ પોતાને તન(૭) કોટી કોટી સૂરજ સમાન,છાંયો તેજે જમી આસમાન. તેમાં કડાકા થયા છે ત્રણ, માન્યુ લોકો આજે આવ્યુ છે મરણ (૮) આતો પ્રલય થવાની પેર,એમ કહેવા લાગ્યા ઘેરોઘેર. તેહ કડાકાને

તેજ તેહ,ષટ્ જોજને જણાણુ એહ (૯) જોઇ આચર્ય પામીયા લોક,વધ્યો આનંદ, થયા અશોક.તે પ્રતાપ મહારાજ તણો,શું કહીએ મુખથી ઘણો ઘણો (૧૦) વળી એક દિવસની વાત,કહું વર્ણવી વળી વિખ્યાત. કરતા ભજન મહારાજ તણું તન ભાન ભૂલ્યા છે આપણું (૧૧)થઈનિરાવરણ નિજ વૃત્તિ,દીઠા રાત્યમાં રાંદલપતિ.થયો તેનો અતિશય પ્રકાશ,હુઓ અંતર તમનો નાશ(૧૨) તે પણ પ્રભુ તણો પરતાપ,એમ ખુશાલે માન્યુ છે આપ. પછી જેવું ચિંતવે જે વારે,થાય તેવાનુ તેવું જ ત્યારે (૧૩) તેતો જાણે લોક પ્રસિદ્ધ,કહે આતો મહામોટા સિદ્ધ. એમ જને મન જાણે જાણ્યુ, તેવા સમામાં વરસાદે તાણ્યુ (૧૪) ત્યારે સર્વે આવી લાગ્યા પાય,કહે કરો વૃષ્ટિ દુઃખ જાય.

મનુષ્ય પશુ પીડા અત્યંત, આવ્યા અરજયે અમે પીડાવંત(૧૫)માટે મોટા કરો તમે મહેર, કરો વર્ષાત તો જાયે ઘેર.એવી સાંભળી લોકોની વાણી,સમર્યા ખુશાલે સારંગપાણી (૧૬) કરે સ્તવન મનના દયાળ, આવ્યો વર્ષાત ત્યાં તતકાળ. વુઠો ત્રણ્ય દન લગી તેહ, કાળા ઉનાળા જેવામાં મેહ(૧૭) લોક આવી લાગ્યા પછી પાય, કહે ધન્ય ધન્ય દ્વિજરાય. તમ જેવો નહીં જગમાય,તમારે સહજાનંદ સહાય(૧૮) માન્યો પરચો મનુષ્ય મળી,વળી વાત બીજી લ્યો સાંભળી. પોત્યે પંડ્યા થૈ માંડી નિશાળ, આવ્યાંતા ભણવા નાનાં બાળ (૧૯) તેને ભણાવે છે થોડું ઘણું, કરાવે ભજન હરિ તણુ. કરતા બાળક સ્વામિનું ધ્યાન, સર્વે થયાં છે સમાધિવાન (૨૦)કરે અલૌકિક આવી વાત,

સુણી સહુ થયા રળિયાત. પછી ખુશાલ કહે સુણો બાળ,મારે જાવું જયા હોય દયાળ (૨૧) ત્યારે બાળકે જોડિયા હાથ,તમને તેડવા આવે છે નાથ.ધરી દ્વિજનુ રુપ મહારાજ,તે તો આવે છે તમારે કાજ (૨૨) પછી આવ્યા નાથ સાથે ચાલ્યા, વાટે અન્ન જળવાલે આલ્યા. આવ્યા જેતલપુર લગી સાથ. પછી અદૃશ્ય થયા છે નાથ (૨૩) હતા જેતલપુરમાં સ્વામી, નિરખ્યા ખુશાલે અંતરજામી. કહી વાટની વાત ખુશાલે, હસિ સાંભળી સરવે વાલે (૨૪) કહે નાથ બ્રાહ્મણને ભાળી,ભાઇ તુ છે મોટો ભાગ્યશાળી. થયો પરચો તને એ જાણી,બીજી વાત મનમાં ન આણી(૨૫) ત્યારે બ્રાહ્મણ કહે મહારાજ,હું તો આવ્યો છુ ભણવા કાજ. ત્યારે નાથ કહે ઘણું સારુ, એમાં ગમતુ ઘણું અમારું (૨૬)

પછી ખુશાલ સંતમાં રહ્યા, એક સમે વડોદરે ગયા. તિયા સતસંગી રહે બહુ, કરે સ્વામિનુ ભજન સહુ (૨૭) એક દ્વિજ સદાશિવ નામે, નિત્ય ખુશાલને કરભામે. આવી નિત્ય જમો મારે ઘેર,મારે છે શ્રીમહારાજની મહેર (૨૮) જીયાંલગી રહો તમે આંઇ, બીજે જમવા ન જાવું ક્યાંય. પછી ખુશાલ જમવા ગયા, આવ્યા નાથ જમવાને તિયાં (૨૯)ત્યારે સદાશિવ લાગ્યો પાય, નિરખી નાથ તૃપ્ત ન થાય. પછી સુંદર કરાવ્યો થાળ, જમ્યા દયા કરીને દયાળ (૩૦) સદાશિવ વળી એની નાર, દેખે બીજા ન દેખે લગાર. પણ જમતા જાણે સહુ જન, થાય અર્ધુ જે હોય ભોજન (૩૧)શાક પાક ધર્યુ હોય થાળે, થાય ઓછુ તે સરવે ભાળે. જળનો જે હોય આબખોરો, પીવે નાથ તે થાય અધુરો

(૩૨)હોય મુખવાસ આગે મેલ્યો, આપે નાથ તે પાછો જમેલો. આપે જમેલ પાછી સોપારી, જોઇ આશ્ચર્ય થાય નરનારી (૩૩) એમ માસ લગી અહોનિશ, જમ્યા હરિ ખુશાલ હમેશ. જયારે જયારે જમે જયાં ખુશાલ, ત્યારે ત્યારે જમે સંગે લાલ (૩૪) જમે જન હાથે નાથ નિત્યે, તેતો ખુશાલભક્તની પ્રીત્યે. એમ ખુશાલ વિપ્ર તે વળી, પુર્યા પર્ચા બહુ નાથ મળી (૩૫) હતા આપે તે વૈરાગ્યવંત, સંસારથી ઉદાસી અત્યંત.પછી ધાર્યો-છે ધાર્મિક યોગ, તજી ભવતણા વઇભોગ (૩૬) ધર્યુ નામ તે ગોપાળાનંદ,થયા યોગેશ્વર જગવંદ. ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ (૩૭) કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ. એક દિવસ લઇ મંડળી, આવ્યા વડોદરા

માંહિ વળી (૩૮) તિયાં સત્સંગી આવ્યા સાંભળી, લાગ્યા પાય સહુ લળિલળી. મોટાં ભાગ્ય જાય નહિ કહીયે, આવ્યા તમે અષ્ટમી સમૈયે (૩૯) કરો ઉત્સવ આણી હુલાસ, બાંધો હિંડોળો કહે એમ દાસ. ત્યારે ગોપાળ સ્વામી કહે સારુ, કરશે હરિ ગમતું તમારુ (૪૦) ત્યાંતો આવ્યો અષ્ટમીનો દન, કર્યુ વ્રત સહુ મળી જન. બાંધ્યો હિંડોળો હરિને કાજ, આવી ઝુલ્યા પ્રકટ મહારાજ (૪૧)સારી સુંદર મૂરતિ શોભે, જોઇજોઇ જન મન લોભે. નિરખી હરખિયાં સહુ જન, કરે સહુ સાથ ધન્ય ધન્ય (૪૨) આજ અલૌકિ દર્શન દીધાં. તમે અમને કૃતાર્થ કીધાં.તિયાં સતસંગી કુસંગી હતા, દિઠા પ્રકટ સહુએ ઝુલતા (૪૩) ઝુલ્યા હિંડોળે ઘડી બેચાર, પછી ન દીઠા તે નિરધાર

સહુ રહ્યાં છે આશ્ચર્ય પામી,કહે ધન્ય સહજાનંદ સ્વામી (૪૪) આપ્યો પરચો પ્રભુજી આપે, સ્વામિ ગોપાળાનંદનો પ્રતાપે. વળી ગોપાળાનંદ સ્વામિને, પુર્યો પરચો કહુ કરભામિને (૪૫) એકસમે નાવે વરસાત, મરે મનુષ્ય થાય ઉતપાત. શોધ્યે શહેરમાં ન મળે અન્ન, પડયો કાળ કહે સહુજન (૪૬) પછી સતસંગી સર્વે મળી, આવ્યા જ્યાં હતી મુનિ મંડળી, બેઠા ગોપાળાસ્વામિને પાસે, કહે નથી જીવવાની આશા (૪૭) મરે શહેરમાં મનુષ્ય બહુ, અન્ન વિના પીડાય છે સહુ. દેતાં દામ મળે નહિ અન્ન, કહો કેમ કરી જીવે જન (૪૮)માટે સ્તુતિ પ્રભુ પાસે કરીએ, થાય મેઘ તો અમે ઉગરીએ. કહે ગોપાળ સ્વામી દયાળ, કરો ભજન સર્વે મરાળ(૪૯) બેઠા ભજને ઘડી

બેચાર, આવ્યો મેઘ થયો જેજેકાર. વુઠો ત્રણ્ય દનલગિ ઘન, કાળા ઉનાળામાં રાત્ય દન (૫૦) સતસંગિ કુસંગિયે જાણ્યું, થયો પર્ચો સહુએ પ્રમાણ્યું લાગ્યા ગોપાળ સ્વામિને પાય, ધન્ય ધન્ય તમે મુનિરાય(૫૧) બોલ્યા ગોપાળ સ્વામી તે પ્રત્યે, જે થયું તે શ્રીજીની સામર્થ્યે. બીજા થકી તે કાંઇ ન થાય, ઠાલો ભુલો ફોગટ ફુલાય(૫૨) એમ પરચા હું કેટલા કહું, થયા ગોપાળ સ્વામિને બહુ.કહેતા લખતાં ન આવે પાર, કહે નિષ્કુળાનંદ નિરધાર (૫૩)

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભકતચિંતામણી મધ્યે શ્રીજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને પરચા પૂર્યા એ નામે એકસો બેતાલીસમુ પ્રકરણ્ ॥ (૧૪૨)

શ્રીજી બાવની

જય જય સ્વામી સહજાનંદ,
આશ્રિતજનને મન આનંદ -૧
જય જય શ્રીજી કરુણાધીશ,
તવ ચરણોમાં નામું શીશ -૨
કરો કૃપાદષ્ટિ ભગવાન,
આપો મુજને ભક્તિ-જ્ઞાન -૩
માગું કરજોડી તવપાસ,
મુજ હદયમાં કરજો વાસ -૪
સરજુ કિનારે સુંદર ગામ,
નિર્મળ છે છપૈયા ધામ -૫
સામવેદી છે વિપ્ર તમામ,
જન્મ્યા ત્યાં શ્રીજી ઘનશ્યામ -૬
છપૈયામાં જન્મ ધરી,
ધર્મભક્તિ કુળ પાવન કરી -૭
આઠ વર્ષમાં ઉપવીત ધરી,
અગિયાર વર્ષે વન વિચરી -૮

લોજ પુરે વસિયા જઇ આપ,
હરવા ભક્તોનાં સંતાપ -૯
દીક્ષા દીધી રામાનંદ,
શુભનામ દઇ સહજાનંદ -૧૦
ગઢપુર આવી વસિયા નાથ,
ઉત્તમનૃપનો ઝાલ્યો હાથ- ૧૧
નિજ જનના છો પ્રાણજીવન,
તવ ચરણે ગઢપુર પાવન - ૧૨
અનેક યજ્ઞો આપે કર્યા,
ભક્તજનોનાં સંકટ હર્યા -૧૩
શિક્ષાપત્રી સદ્‌ગ્રંથ કર્યો,
વચનામૃતથી સંશય હર્યા -૧૪
સ્વામિનારાયણ પ્રગટ્યા આપ,
કરવા શાંત ત્રિવિધ તાપ-૧૫
શ્રી ઘનશ્યામ તમારું નામ,
સહજાનંદજી પૂરણ કામ -૧૬

જે મુખે સહજાનંદ ગાય,
તેનાં દુઃખો દૂર પલાય - ૧૭
નારાયણમુનિ શુભ નામ,
ભક્તજનોની પૂરે હામ -૧૮
હરિકૃષ્ણ હદિયામાં ધરે,
તેના મનોરથ પૂરણ કરે -૧૯
‘નિલકંઠ’બ્રહ્મચારી નામ,
જપવાથી અંતર આરામ -૨૦
‘શ્રીજી’‘શ્રીજી’ નામ ઉચ્ચાર,
સરજુદાસ કરશે ભવપાર -૨૧
રામકૃષ્ણ ચોવીસ અવતાર,
તેણે હણિયા અસુર અપાર -૨૨
ધર્મ એકાંતિકસ્થાપન કાજ,
અવનિ ઉપર પ્રગટ્યા આજ -૨૩
અનંત પરચા આપ્યા તમે,
ભક્તભેરૂ થયા વિકટ સમે -૨૪

રૈવતગિરિ દત્તાત્રેય ધામ,
દત્ત ચરણ પર શ્રી ઘનશ્યામ-૨૫
ઉભા દત્તરૂપે થઇ આપ,
પૂજારી કરીયો નિષ્પાપ -૨૬
નરસૈયાને ચોરે જઇ,
રામંડળના દર્શન દઇ - ૨૭
હાટકેશ્વર જીરણગઢ ધામ,
શિવ સેવકને દીધા દામ -૨૮
રાવણ,કંસ,અસુર તમામ,
કામ ક્રોધ લોભના ગુલામ - ૨૯
એ કામ, ક્રોધ ને જીત્યા તમે,
કર્યા પરમહંસ સૌને ગમે- ૩૦
ચોવીસ અવતારોનાં રૂપ,
ચોવીસ તીર્થંકર સુખ રૂપ -૩૧
ચોવીસ પેગંબર રૂપ શ્યામ,
તમે દીધાં દર્શન સુખધામ-૩૨
કાઠી,કોળી,પરધન હરે,

ધાડપાડુના ધંધા કરે -૩૩
અફીણ દારૂ મુખથી જમે,
તેને માળા આપી તમે -૩૪
ભૂમિ ચરોતરની મોઝાર,
મહાચોર તણો સરદાર -૩૫
જોબન પગીની વાગે હાંક,
તેને શરણ લઇ કરીઓ પાર - ૩૬
પાપી જે કરતા પંચ પાપ,
તેને તો કીધા નિષ્પાપ -૩૭
દર્શન દઇ જપાવ્યા જપ,
અવતારના અવતારી આપ-૩૮
ધર્મ,જ્ઞાન,ભક્તિ,વૈરાગ્ય,
ઉપજાવ્યો તેનો અનુરાગ-૩૯
જીવ,માયા,ઈશ્વરના રૂપ,
બ્રહ્મ અને પરબ્રહ્મ સ્વરૂપ -૪૦
તેનું દીધુ જ્ઞાન અનુપ,
એકાંતિક ધર્મે સુખરૂપ -૪૧

આત્મસ્વરૂપ અનુભવ જ્ઞાન,
ભલુ કરી દીધું ભગવાન -૪૨
વિષ્ણું શિવ બ્રહ્માદિક દેવ,
પુરુષોત્તમની કરતા સેવા -૪૩
અમે સત્સંગી તમારા બાળ,
સદા અમારી લો સંભાળ-૪૪
સત્સંગ મંડળ માગે ફરી,
તવ ચરણોમાં રાખો હરિ -૪૫
અલ્પમતિથી કરું સ્તવન,
સ્વીકારી સુખ દ્યો ભગવંત-૪૬
છેલ્લી અરજ તમારી પાસ,
અક્ષરધામે દેજો વાસ- ૪૭
માગું છું કર જોડી ખાસ,
શ્રીજી કરજો મુજ હદયે વાસ-૪૮
દાસ જાણીને પૂરો હામ,
નખશિખ મૂર્તિ શ્રી ઘનશ્યામ- ૪૯
માગે તીર્થ માધવાનંદ,

શરણ તમારું સહજાનંદ - ૫૦
શ્રીજી બાવની જે કોઇ ગાય,
સહજાનંદજી કરશે સહાય-૫૧
અંતરમાં છાયો આનંદ,
બોલો સહુ જન સહજાનંદ -૫૨

શ્રી સહજાનંદ ગુરુકુળ - ખાંભા

અમારા પ્રકાશનો

ક્રમ પુસ્તકનુ નામ	પેજ	સાઇઝ મૂલ્ય રૂ.
૧. શિક્ષાપત્રી અધ્યયન	૮૦	૨૦
૨. ભારતીય ઈશ્વરવાદ	૩૬૨	૧૦૦
૩. સત્સંગનો રંગ	૮૦	૧૦
૪. અમૃતનુ આચમન	૬૪	૧૦
૫. સત્સંગ કથામૃત	૮૦	૧૦
૬. સત્સંગ જ્ઞાનામૃત	૧૩૬	૧૫
૭. શિક્ષાપત્રી	૯૬	૦૫
૮. અગમવાણી	૧૯૨	૧૦
૯. સત્સંગ પાથેય	૯૬	૧૦

૧૦ શા માટે ભાગ-૧,૨	૧૯૨	૨૦
૧૧ શા માટે ભાગ ૩	૨૫૬	૩૦
૧૨ કોમ્પ્યુટર પરિચય૧,૨	૧૨૮	૨૦
૧૩ કોમ્પ્યુટર પ્રશ્નોતરી	૩૬	૦૫
૧૪ ગુજ. ભાષા સજ્જતા	૪૮	૧૦
૧૫ **Dev Eng. Grammar-1**	૬૪	૧૦
૧૬ **Dev Eng. Grammar-2**	૬૪	૧૦
૧૭ શબ્દબોધ	૯૬	૦૮
૧૮ સદ્બોધ	૬૪	૦૪
૧૯ શિક્ષણબોધ	૮૦	૨૦
૨૦ શિક્ષણ સંદેશ ભાગ-૧	૬૪	૨૦
૨૧ સત્સંગીજીવન ભાગ-૧,૨	૬૦૮	૬૦
૨૨ સત્સંગીજીવન ભાગ-૩-૫,	૧૦૦૮	૧૦૦
૨૩ કીર્તનસાર	૧૧૨	૧૦
૨૪ ઉપનિષદ્ દર્શન	૩૭૬	૪૦
૨૫ સત્સંગ સરીતા	૧૬૦	૨૦
૨૬ આયુર્વેદ પ્રસાદમ્	૬૪	૧૦
૨૭ કીર્તન સંદેશ ભાગ-૧	૧૧૨	૧૫
૨૮ કીર્તન સંદેશ ભાગ-૨	૮૦	૨૦

૨૯ કીર્તનસંદેશ ભાગ-૩	૮૦	૨૦
૩૦ સ્તોત્ર રત્નાવલી	૮૦	૦૨
૩૧ આપણાં મહાપુરુષો	૬૪	૧૫
૩૨ ભગવદ્પુજા	૬૪	૧૫
૩૩ પ્રેરણાંદીપ	૮૦	૨૦
૩૪ વૈ.ષોડશ સંસ્કાર	૮૦	૨૦
૩૫ સત્સંગકથા ભાગ-૧	૨૭૨	૪૦
૩૬ સત્સંગના નારી રત્નો	૯૬	૨૦
૩૭ સત્સંગ બોધ	૧૪૪	૩૦
૩૮ આયુર્વેદ દર્શનમ્	૩૦૪	૩૦
૩૯ વચનામૃતમ્	૬૮૮	૨૧
૪૦ શ્રી પુરુષોત્તમ ગીતા	૧૩૬	અમૂલ્ય
૪૧ સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતુ	૧૩૬	૧૦
૪૨ શ્રી સ્વામિનારાયણ કથા	૬૪	અમૂલ્ય
૪૩ **Eng. Grammar-3**	૬૪	૧૦
૪૪ શિક્ષણ સંદેશ ભાગ-૨	૬૪	૨૦
૪૫ શિક્ષાપત્રી કિરણાવલી	૧૭૪	૪૦

પ્રાપ્તિસ્થાનો : સ્વા.મંદિર -ખાંભા, અમરેલી,વડતાલ,ધોલેરા, જુનાગઢ, ગઢપુર,સુરત (કલાકુંજ,વેડરોડ,રામપુરા)